જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૯/૨૦૨૨    રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૬૭/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૪,૦૪,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## વેજલપુર પોલીસ સ્ટેશન ના વિસ્તારમા એક વયોવૃધ્ધને પોતાના ઘરમા ગોંધી રાખીને મકાન પડાવી લેવાના ઇરાદે ગુનાહીત કાવતરુ રચીને લુંટની ઘટનાને અંજામ આપતા આરોપીઓને ગણતરીના કલાકોમા રોકડ રકમ તથા મોબાઇલ મળી કુલ્લે રૂપીયા ૧,૨૦,૫૭૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડતી વેજલપુર પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી "ઝોન - ૭" સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડિવીઝન સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે અમદાવાદ શહેર "ઝોન – ૭" વિસ્તારમાથી મિલકત સબંધી તથા વાહન ચોરીના અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા સારૂં તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારુ સુચના કરતા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર શ્રી એમ.સી.ચૌધરી તથા સર્વેલન્સ સ્કોડના પોલીસ સબ ઇન્સપેક્ટર  શ્રી એમ.એચ.ઝાલા નાઓએ બનાવેલ એકશન પ્લાન મુજબ સર્વેલન્સ સ્કોડ ના મસઈ દિનેશભાઈ ભુરાભાઈ બનં ૧૩૫૨૦ તથા મસઈ સુર્યકાંત ભીખાભાઈ બનં ૮૧૯૪ તથા પો કોન્સ સુરેશભાઈ લાલજીભાઈ બનં-૧૦૩૪૦ તથા પો કોન્સ મિતેષભાઈ અશોકભાઈ બનં-૯૪૫૯ તથા પો કોન્સ જીતેન્દ્રસિંહ ધીરસંગભાઈ બનં-૧૩૨૦૭ તથા પો કોન્સ દિપકદાન અખેરાજભાઈ બનં ૩૯૨૦ તથા પો કોન્સ શીવભદ્રસિંહ હરદેવસિંહ બનં ૧૦૫૨૨ તથા લોકરક્ષક સત્યપાલસિંહ નીરુભા બનં ૧૩૨૫૫ તથા બીજા સર્વેલંન્સ સ્કોડના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં સાથેના મ.સ.ઈ દિનેશભાઈ ભુરાભાઈ બનં ૧૩૫૨૦ તથા મ.સ.ઈ સુર્યકાંત ભીખાભાઈ બનં ૮૧૯૪ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે  "બે ઈસમો ગઈ કાલે જુહાપુરા ખાદીમ સોસાયટીના મકાનમાં ઘુસીને મકાનમાં હાજર ઈસમને દોરીથી હાથ પગ બાંધી બળજબરીથી ચેકોમાં સહી કરાવી મકાનની તીજોરીમાંથી રોકડા રુપીયાની તેમજ મોબાઈલ ફોનની લુંટ કરેલ છે જે ઈસમો ફતેહવાડી મેટ્રો સ્ટેશન આગળ ઉભા છે જેમાં એક ઈસમે દુધીયા કલરનો શર્ટ તેમજ કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે તેમજ બીજા ઈસમે શરીરે લાલ બ્લેક કલરનુ ટી શર્ટ તથા કાળા કલરનુ નાઈટી પહેરેલ છે " જે બાતમી હકીકત આધારે ઉપરોક્ત વર્ણનવાળા આરોપીની વોચ કરતા સદરી આરોપી આવતા સદરી ઇસમોના નામ ઠામ પુછતા (૧) રાહીલ સ/ઓ ઈકબાલભાઈ શેખ ઉવ ૩૦ રહે મકાન નં ૬૧ સુકુન સોસાયટી આયશા મસ્જીદની સામે જુહાપુરા અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ જેની અંગઝડતી તપાસ કરતા પેન્ટના જમણી બાજુના ખિસ્સામાંથી અલગ અલગ દરની ચલણી નોટો મળી આવેલ જે નોટો પંચો રુબરુ ગણી જોતા રોકડા રૂ ૫૩,૨૪૦/ મળી આવેલ તેમજ પેન્ટના ડાબી બાજુના ખિસ્સામાંથી એક સેમસંગ કંપનીનો મોબાઈલ મોબાઈલ જેનો IMEI NO 355458118285577/01 તથા 355459118285575/01  જેની કિમત રૂ-,૧૦,૦૦૦/-ગણી શકાય તે મળી આવેલ તથા નં-(૨) કાસમ સ/ઓ ગુલામભાઈ શેખ ઉવ ૨૫ રહે મકાન નં ૨૬ આયશાવીલા સોસાયટી ૧૦૦ ફુટ રીંગ રોડ કાદરી પાર્ટી પ્લોટની બાજુમાં ફતેહવાડી સરખેજ અમદાવાદશહેર જેની અંગઝડતી તપાસ

કરતા તેના નાઈટીના જમણી બાજુના ખિસ્સામાંથી અલગ અલગ દરની ચલણી નોટો મળી આવેલ જે નોટો પંચો રુબરુ ગણી જોતા અલગ અલગ દરની નોટો રોકડા રૂ ૫૧,૩૩૦/ મળી આવેલ તેમજ નાઈટીના ડાબી બાજુના ખિસ્સામાંથી એક લેનોવા કંપનીનો મોબાઈલ મોબાઈલ જેનો IMEI NO 867802023469878 તથા 867802023469886 જેની કિમત રૂ-૬,૦૦૦/-ગણી શકાય તે મળી આવેલ કુલ્લે રૂ ૧,૨૦,૫૭૦/-ની મતાનો મુદામાલ મળી આવેલ અને જે સદરી ઈસમોની વારા ફરતી યુકતી પ્રયુકતીથી વધુ પુછપરછ સદરી ઈસમોએ જણાવેલ કે તેઓના મિત્ર નામે શાહજેબ હનીફભાઈ મોમીન રહે ખાદીમ સોસાયટી જુહાપુરા અમદાવાદ શહેર નાઓ તથા સદરી બંને ઇસમો કાસમ શેખ તથા રાહીલ શેખ નાઓ આજથી આશરે આંઠ દીવસ પહેલા તેઓનો મીત્ર નામે શાહેજેબ મોમીન  ની મોતી બેકરીની સામે અલઅર્ષ કોમ્પલેક્ષ મા આવેલ સોપારીની દુકાન ખાતે ત્રણેય ભેગા થયેલ અને જે દરમ્યાન આરોપી શાહેજેબ મોમીન નાઓએ જણાવેલ કે તેની બાજુના મકાનમાં જમાલુદીન રજબઅલી વઢવાણીયા નાઓ રહે છે જેઓ વયો વૃધ્ધ છે તો તમામે ભેગા મળીને તેમના ઘરમા ઘુસીને તેઓની પાસેથી મકાનના જરૂરી કાગળોમાં સહી લઈ તેમજ ઘરમાં રહેલ રોકડા રુપીયાની તથા અન્ય વસ્તુ ઓની લુટ કરવાનુ નકકી કરેલ જેથી આરોપીઓ (૧) રાહીલ સ/ઓ ઈકબાલભાઈ શેખ તથા (૨) કાસમ સ/ઓ ગુલામભાઈ શેખ નાઓ જુહાપુરા ખાદીમ સોસાયટીના મકાનમાં ઘુસીને અગાઉથી રચેલ પુર્વ આયોજીત કાવતરા મુજબ મકાનમાં હાજર ફરીયાદી જમાલુદીન રજબઅલી વઢવાણીયાને બળજબરીથી ચેકોમાં સહી કરાવી મકાનની તીજોરીમાંથી રોકડા રુપીયાની તેમજ મોબાઈલ ફોનની લુંટ કરી ફરીયાદીને  નાયલોન દોરીથી હાથ પગ બાંધી ભાગી ગયેલાની હકીકત જણાવેલ તો જે બાબતે ખાત્રી તપાસ કરતાં અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ A-11191028221153/2022 ધી આઇ.પી.સી.કલમ ૩૯૨,, ૪૫૨, ૩૪૨ ૨૯૪ (ખ), ૫૦૬(૧), ૧૨૦(બી) ૩૪ મુજબનો ગુનો દાખલ થયેલાનુ જણાય આવેલ હોય જેથી સદરી આરોપીઓને વેજલપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ દ્વારા આજરોજ તા.૧૬/૦૯/૨૦૨૨ ના પકડી અટક કરી સદરી ઇસમોની વિરુધ્ધમા કાયદેસર ની કાર્યવાહી કરવામા આવેલ છે.

## આરોપીઓના નામ સરનામા

(૧) રાહીલ સ/ઓ ઈકબાલભાઈ શેખ ઉવ ૩૦ રહે મકાન નં ૬૧ સુકુન સોસાયટી આયશા મસ્જીદની સામે જુહાપુરા અમદાવાદ

(૨) કાસમ સ/ઓ ગુલામભાઈ શેખ ઉવ ૨૫ રહે મકાન નં ૨૬ આયશાવીલા સોસાયટી ૧૦૦ ફુટ રીંગ રોડ કાદરી પાર્ટી પ્લોટની બાજુમાં ફતેહવાડી સરખેજ અમદાવાદ

(૩) શહેબાજ સ/ઓ હનીફભાઈ ઉસ્માનભાઈ મોમીન ઉવ ૩૦ રહે મકાન નં બી/૧૧ ખાદીમ સોસાયટી મુબારક સોસાયટી પાસે જુહાપુરા અમદાવાદ

## કબજે કરેલ મુદ્દામાલ

અલગ અલગ દરની ચલણી નોટો રોકડા રૂ ૧,૦૪,૫૭૦/ તેમજ મોબાઈલ ફોન નંગ-૦૨ જેની કિમત રૂ ૧૬,૦૦૦/- મળી કુલ્લે રૂ ૧,૨૦,૫૭૦/-ની મતાનો મુદામાલ

## શોધાયેલ ગુન્હાની વિગત

વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ A-11191028221153/2022 ધી આઇ.પી.સી.કલમ ૩૯૨,, ૪૫૨, ૩૪૨ ૨૯૪ (ખ), ૫૦૬(૧), ૧૨૦(બી) ૩૪ મુજબ

## ગુન્હાની હકીકત

આ કામે હકીકત એવી છે કે આ કામના આરોપીઓએ ભેગા મળી આજથી આશરે આંઠ દીવસ પહેલા પોતાનો સમાન ઇરાદો પાર પાડવા મોતી બેકરીની સામે અલઅર્ષ કોમ્પલેક્ષ મા આવેલ સોપારીની દુકાન ખાતે ત્રણેય ઇસમો ભેગા મળી ગુનાહીત કાવતરુ રચેલ કે આ કામના ફરીયાદીશ્રી રજબઅલી વઢવાણીયા નાઓ રહે છે જેઓ વયો વૃધ્ધ છે તો તમામે ભેગા મળીને તેમના ઘરમા ઘુસીને મકાન પડાવી લેવાના ઇરાદે તેઓની પાસેથી મકાનના જરૂરી કાગળોમાં સહી લઈ તેમજ ઘરમાં રહેલ રોકડા રુપીયાની તથા અન્ય વસ્તુ ઓની લુટ કરવાનુ નકકી કરેલ તો જે પુર્વઅયોજીત કાવતરા મુજબ ગઇ કાલ તા.૧૫/૦૯/૨૦૨૨ ના બપોરના સાડા ત્રણેક વાગ્યાની આસપાસ આરોપીઓ (૧) રાહીલ સ/ઓ ઈકબાલભાઈ શેખ (૨) કાસમ સ/ઓ ગુલામભાઈ શેખ નાઓ ફરીયાદીના ઘરના પાછળના દરવાજેથી ગેરકાયદેસર અપપ્રવેશ કરી, ફરીયાદી ને ચેકો ઉપર બળજબરીથી સહીઓ કરાવી ફરીયાદીશ્રી વ્યવસ્થીત સહીઓ ના કરતા ફરીયાદીશ્રીને બિભત્સ ગંદીગાળો તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી ઘરની તિજોરીના લોકરમા પડેલ ફરીયાદીના બચતના આશરે કુલ. રોકડા રૂ.૧,૧૧,૧૦૦/-ની તથા સેમસંગ કંપનીનો તથા લિનોવો કંપનીના મોબાઇલ ફોન ની આશરે કિ.રૂ.૧૬,૦૦૦/- મળી કુલ ૧,૨૭,૧૦૦/- મતાની લુંટ કરી ફરીયાદીશ્રીને નાયલોન દોરી તથા બીજી ચીજ વસ્તુઓથી હાથ પગ બાંધી ફરીયાદીના મોં ઉપર સેલોટેપ લગાવી ભાગી ભાગી જઇ ફરીયાદીશ્રીને તા.૧૬/૦૯/૨૦૨૨ ના બપોરના બારેક વાગ્યા સુધી ગેરકાયદેસર રીતે ઘરમા ગોંધી રાખી એકબીજાની મદદગારી કરી ગુન્હો કર્યા વીગેરે

આમ વેજલપુર પોલીસ સ્ટેશન ના સર્વેલંન્સ સ્કોડ દ્વારા લુંટ જેવા ગંભિર ગુન્હાના આરોપીઓને ગણતરી ના કલાકોમા પકડી પાડી આરોપીઓ પાસેથી મુદ્દામાલ રીકવર કરી ખુબ જ પ્રશંસનીય કામગીરી કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૯૭ લીટર દેશી દારૂ, ૨૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭,૮૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૮૮ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ આયસર ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૦/૨૦૨૨**

**કાગડાપીઠઃ** કલ્પેશભાઇ કાંતીલાલ શાહ (ઉ.વ.૪૮) (રહે. આકૃતી હાઈટ્સ જોધપુર ગામ સેટેલાઈટ) એ તા.૧૭/૦૯/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૩ થી તા.૦૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન ન્યુ કલોથ માર્કેટમાં સાહેદ તથા કલ્પેશભાઈ શાહની દુકાન નં-૩ મહાવીર કોમ્પ્લેક્ષ, સુખડીયાની વાડી લક્ષ્મી વિષ્ણુ માર્કેટ ધીકાંટા ખાતેથી ટી.ડી.કે ફેબ એન્ડ ફેશન તથા “ક્રિના એપર્લસ” ના માલીક તુષારભાઈ સુર્યકાંતભાઈ ત્રીવેદી (રહે.ગોપીકુંજ સોસાયટી અંકીતા સોસાયટી પાછળ નારણપુરા) એ રૂપિયા ૧,૬૫,૨૧,૪૫૩/- શર્ટીંગ-શુટીંગ મટીરીયલનો માલ ખરીદ કરી આજદીન સુધી નાણા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.બી.આર્ચાય ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** (૧) મહેશ રાજકુમાર આસ્વાની (ઉ.વ.૨૫) (રહે. ગણેશ કોમ્પ્લેક્ષ નવરંગ સર્કલ નવરંગપુરા) એ તા.૧૭/૦૯/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે કેનેડા યુ.કે. અમેરીકા ખાતે વર્ક વીઝાની દૈનિક પેપર ગુજરાત સમાચારમા જાહેરાતમાં સંપર્ક નંબર મોબાઈલ નંબર ૯૭૧૪૪૬૦૪૭૭ અને ૭૦૯૬૩૯૨૬૫૫ ઉપર મહેશ આસ્વાનીએ સંપર્ક કરતા તા.૨૬/૦૮/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ ધારકોએ મહેશ આસ્વાનીને કેનેડાના વર્ક વીઝા તેમજ નોકરી અપાવવાની લાલચ આપી મહેશ આસ્વાનીના બેન્ક ખાતાના ઇન્ટરનેટ બેંકીંગના લોગીંન પાસવર્ડ જનરેટ કરી રૂપિયા ૪,૩૪,૦૦૦/- તેઓના ખાતામાં ટ્રાન્સફર કરી લઈ વર્ક વીઝા કે નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઇ ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ (૨)** દિપાલીબહેન ડો/ઓ બીપીનભાઇ શાહ (ઉ.વ.૪૫) (રહે. મહાવિરનગર ફ્લેટસ કેનયુગ એપાર્ટમેન્ટ સેટેલાઇટ) એ તા.૧૭/૦૯/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રિલ/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૯૮૧૦૩૪૭૧૪૬, ૭૦૮૦૬૮૫૧૨૬, ૮૯૨૯૮૨૦૫૪૯, ૭૪૨૮૦૫૩૩૯૪, ૯૬૫૪૫૯૮૨૫૩, ૯૦૧૩૮૫૧૩૪૪ અને ૭૩૭૦૦૫૦૭૪૯ ના ધારકોએ ભેગામળી ઈડી ના અધિકારી તરીકે ઓળખ આપી બનાવટી ઇન્કમટેક્ષ અધિકારી બની આઇ.ડી.પ્રુફ બતાવી આરટીજીએસ મારફતે અલગ-અલગ તેઓના બેંક ખાતાઓમા પૈસા ટ્રાન્સફર કરાવી કુલ રૂપિયા ૮૯,૪૭,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એચ.પુવાર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૧/૨૦૨૨</u>**

**રાણીપઃ** રમીલાબહેન વા/ઓ મનોજભાઇ વાઘેલા (ઉ.વ.૬૫) (રહે. શાલીગ્રામ જીવન જયોત ફ્લેટ આશારામ ચોકડી પાસે મોટેરા ચાંદખેડા) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૯/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે શટલ ઓટોરિક્ષામાં રાણીપ ચીમનભાઇબ્રીજ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઓટોરિક્ષાના ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ ત્રન પુરૂષોએ રમીલાબહેન વાઘેલાની નજર ચુકવી રમીલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૬૦,૦૦૦/-ચોરી કરી લીધી હતી.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જી.બારડ ચલાવે છે

**સેટેલાઇટઃ** નિરવ સ/ઓ દિનેશભાઈ પાટડિયા (રહે. દેવનંદન હાઇટ્સ ટાવર-૫ ૨૦૧ ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૧૭/૦૯/૨૦૨૨ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૮/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ શીવરંજની બ્રીજ પાસે આવેલ "હરીત ઝવેરી" જ્વેલર્સ નામની દુકાનમાં ગ્રાહક તરીકે આવેલ એક મહીલા દુકાનના સેલ્સમેન નાઓની નજર ચુકવી દુકાનમાંથી સોનાની બંગડી નંગ-૧ કિમત રૂપિયા ૭૫,૦૦૦/-ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.મહેતા ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૨/૨૦૨૨</u>**

**ખાડીયાઃ** માણેકચોક સાંકડી શેરી વ્યાયામ શાળાની બાજુમાં ઝુપડીની પોળ ખાતે વર્ષો જુનુ બે માળનુ જર્જરીત મકાન નંબર-૫૪૭ તા.૧૭/૦૯/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ધરાશય થતા આ મકાનમાં રહેતા ખેમચંદભાઈ ઈશ્વરલાલ નાગર (ઉ.વ.૭૨) નાઓને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૪/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.નાયક ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી